ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૯.૮ ડીગ્રી
લઘુતમ : ૧૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૩૩ ટકા

# સે-૨૧ શોપિંગ સેન્ટરમાં વકરતી ટ્રાફિક સમસ્યા

## પાર્કિંગ લોટમાં દબાણો વધતા દુકાનધારકોને પોતાના વાહન લોન એરિયામાં પાર્ક કરવાની ફરજ પડી રહી છે : બંધ પડેલા ફુવારાને પાર્કિંગ લોટમાં ફેરવવા બાબતે તંત્રની ઉદાસીનતા : આડેધડ પાર્કિંગ અને દબાણો પર લગામ તાણવાની તાતી જરૂર

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના સૌથી ભરચક કોમર્શિયલ વિસ્તાર સે-૨૧ ડિસ્ટ્રીકટ શોપિંગ સેન્ટરમાં વાહન પાર્કિંગની સમસ્યા દિન પ્રતિદિન પેચીદી બનતી જાય છે. એક તરફ અપૂરતા પાર્કિંગ લૉટ અને બીજી તરફ આ પાર્કિંગ લૉટમાં વધી રહેલા દબાણોના કારણે ડિસ્ટ્રીકટ શોપિંગ સેન્ટરના વેપારીઓને તેમના વાહનો દુકાનો સામેના ગાર્ડનમાં પાર્ક કરવાની ફરજ પડી રહી છે. છેલ્લા કેટલાય સમયથી આ સમસ્યાને કારણે શોપિંગ સેન્ટરના મુલાકાતીઓ તથા વપારીઓ પરેશાનીનો ભોગ બની રહ્યા હોવા છતાં તેનો યોગ્ય ઉકેલ શોધવા બાબતે તંત્રની નિષ્ક્રિયતા તમામને અકળાવનારી સાબિત થઈ રહી છે.

સેકટર-૨૧ના ડિસ્ટ્રીકટ શોપિંગ સેન્ટરને સુશોભિત કરતા જનઆકર્ષણનું કેન્દ્ર બનેલા ફુવારા તો કયારનાય બંધ હાલતમાં પડયા છે પરંતુ હવે આ શોપિંગ સેન્ટરની શોભા સમાન લૉન એરિયા પણ જોખમમાં આવી પડયો છે. સે-૨૧નું આ શોપિંગ સેન્ટર શહેરનો મુખ્ય કોમર્શિયલ વિસ્તાર ગણાય છે. જેમાં મુલાકાતીઓના પ્રમાણમાં વાહન પાર્કિંગની સગવડ અપૂરતા પ્રમાણમાં હોવાનું પ્રતિત થઈ રહ્યું છે. વધુ પડતા પાર્કિંગ ભારણને પગલે શોપિંગ સેન્ટરના બંધ પડેલા ફુવારાની જગ્યાને પાર્કિંગ લોટમાં પરિવર્તિત કરવા પણ તંત્રને સુઝાવ કરવામાં આવી ચુકયો છે. પરંતુ તંત્ર દ્વારા હજુ સુધી આ બાબતે કોઈ નકકર કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી. બીજી તરફ જે પાર્કિંગ લૉટ મોજુદ છે તેમાં દબાણકર્તાઓનો જમાવડો વધતો જાય છે જેના કારણે શોપિંગ સેન્ટરમાં ખરીદી કે અન્ય કામથી આવતા ગ્રાહકો કે મુલાકાતીઓને તેમના વાહન પાર્કિંગ કરવામાં મુશ્કેલી પડી રહી છે. આવી જ મુશ્કેલી શોપિંગ સેન્ટરના દુકાન-ઓફિસ ધારકોને પણ પડી રહી હોવાથી તેમણે તેનો નવો જ ઉકેલ શોધી કાઢયો છે. દુકાન ધારકો હવે તેમના વાહન દુકાનો સામે આવેલા લૉન એરિયામાં પાર્ક કરી રહ્યા છે. અહીં સુધી વાહન લઈ જવા માટે શોપિંગના એન્ટ્રી પોઈન્ટ પર વચ્ચેની રેલીંગ સુધ્ધાં હટાવી દેવામાં આવી છે.

વાહન પાર્કિંગ માટે શોપિંગ સેન્ટરના પાર્કિંગ લૉટમાં નાના મોટા ખૂમચાવાળા, લારીવાળા તથા અન્ય ફેરિયાઓ-વેપારીઓ અડ્ડો જમાવતા હોવાથી પાર્કિંગ સમસ્યા વધુ ઘેરી બની છે. એક તરફ પહેલાથી જ પાર્કિંગ માટે જગ્યા ઓછી પડતી હતી તેમાં આ દબાણો પ્રત્યે તંત્રના આંખ આડા કાન ધરવામાં આવતા હવે તો આસપાસના રોડ પર પણ વાહન પાર્કિંગ થઈ રહ્યું છે. જેના પગલે વારંવાર ટ્રાફિક જામની પણ સમસ્યા સર્જાઈ રહી છે. તંત્રએ સત્વરે બંધ પડેલા ફુવારા સહિતની વધારાની જગ્યાને પાર્કિંગ લૉટમાં ફેરવવા સાથે હયાત પાર્કિંગ લૉટમાંથી દબાણો દૂર કરવા કડક હાથે કાર્યવાહી કરવાની તાતી જરૂરિયાત જણાઈ રહી છે.





## પી.એમ.ઓ.ની સુચનાની અવગણના કરતું નાણાં વિભાગ : પેન્શનર્સ સમાજ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી મંડળ સેકટ-૭-ડી સરકારશ્રીના વિવિધ પદાધિકારીઓએ રાજયપાલશ્રી, મુખ્યમંત્રી તથા નાણાંમંત્રીશ્રીને વારંવાર પત્રો લખવા છતાં કોઈ સંતોષકારક ઉકેલ આવતો નથી. વધુ નવાઈ અને આશ્ચર્ય પમાડે તે વાત એ છે કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના કાર્યાલયની સુચનાને પણ ગુજરાત સરકારનું નાણાં વિભાગ ઘોળીને પી જાય છે અને તેનો જવાબ આપવાની દરકાર કરતા નથી.

ગુજરાતના સાડા ચાર લાખ પેન્શનરોના પ્રશ્નોનો કોઈ રણીધણી નિકાલ કરવા માટે નથી. વધુમાં એક નિવૃત્ત ઉચ્ચ અધિકારી નાણાં વિભાગમાં હતા તે પોતે નાણાં વિભાગમાં રજુઆત-તપાસ કરવા ગયા ત્યારે કર્મચારીઓએ દુઃખ પહોંચાડે તેવા જવાબો આપ્યા હતા. તમોને પેન્શન મળે છે અમોને તો પેન્શન પણ મળવાનું નથી.

પેન્શનરોના વણ ઉકલ્યા પ્રશ્નો રૂ. એક હજાર તબીબી ભથ્થું કેન્દ્રના ધોરણે આપવું, વિકલ્પ-૧ના પેન્શનનો લાભ આપવો, નિરાધાર-અપરણિત ત્યકતા વિધવા પુત્રીને પેન્શનરના કુટુંબ પેન્શન આપવું જે અંગે ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી મંડળ સે-૭-ડીના પ્રમુખ જયંતભાઈ ભટ્ટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને લેખિતમાં ઉગ્ર રજુઆત કરીને જાણ કરેલ છે.

## મૌન સાધના શિબિર ગાયત્રી પરિવાર દ્વારા યોજાશે

ગાંધીનગર, તા.૧૭

ગાયત્રી શકિતપીઠ સેકટર-૧ ગાંધીનગર ખાતે તા. ૧૧મી ફેબ્રુઆરીથી તા. ૧૫ ફેબ્રુઆરી સુધી નિઃશુલ્ક અંતઃઉર્જા જાગરણ શિબિર (મૌન સાધના શિબિર)નું આયોજન કરવામાં આવેલ છે. શિબિરમાં ભાગ લેવા ઈચ્છુક સાધકોએ જે.એલ. આદેશરા ૯૯૦૪૦ ૩૬૨૭૩, કે.કે. પટેલ ૯૭૨૭૭ ૫૭૬૯૬, ગાયત્રી શકિતપીઠ ૦૭૯ ૨૩૨૪૨૦૧૫નો સંપર્ક કરવા જણાવાયું છે.

## ચ-૬ પાસે બે રીક્ષાઓ ટકરાતા વૃધ્ધ મહિલા મુસાફરનું મૃત્યુ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરના ચ માર્ગ ઉપર ગઈ કાલે બપોરના અરસામાં બે રીક્ષાઓ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. ચ-૬ સર્કલ નજીક સર્જાયેલા આ અકસ્માતમાં એક વૃધ્ધ મહિલા મુસાફર ગંભીર રીતે ઘાયલ થયા હતા. સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવેલા વદ્ધાનું સારવાર દરમિયાન પ્રાણપંખેરૂ ઉડી ગયું હતું. સે-૨૧ પોલિસે રીક્ષા ચાલક સામે ગુનો દાખલ કરી ઘટનાની તપાસ શરુ કરી છે. કુકરવાડા વિસ્તારમાં રહેતા ૬૦ વર્ષીય વૃદ્ધા મંગુબેન પરમાર ગઈ કાલે જીજે ૧૮-એ.યુ. ૧૮૩૬ નંબરની રીક્ષામાં બેસીને ગાંધીનગર શહેરના ચ માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન સામેથી આવતી જીજે ૧૮ એકસ ૭૧૭૭ નંબરની રીક્ષા સાથે ચ-૬ સર્કલ પાસે તેમને અકસ્માત નડયો હતો. બંને રીક્ષાઓ સામ સામે ટકરાતા ત્રણ મુસાફરો ઘાયલ થયા હતા. જે પૈકી મંગુબેન પરમારને ગંભીર ઈજાઓ થવા પામી હતી. હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવેલા મંગુબેનનું સારવાર દરમિયાન કરૂણ મૃત્યુ નિપજયું હતું. સે-૨૧ પોલિસે મહેશભાઈ માણાભાઈ પરમારની ફરિયાદ આધારે જીજે ૧૮ એકસ ૭૧૭૭ નંબરની રીક્ષાના ચાલક સામે ગુનો દાખલ કરી આરોપીની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## આજે બ્રહ્માકુમારીઝ દ્વારા વિશ્વ શાંતિ દિવસ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૭

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના આદ્યસ્થાપક પ્રજાપિતા બ્રહ્માબાબાએ ૧૮, જાન્યુઆરી, ૧૯૬૯ના રોજ નશ્વર દેહનો ત્યાગ કરેલ. પિતાશ્રીને સાચી શ્રધ્ધાંજલી અપર્ણ કરવા વિદ્યાલયના વિશ્વના ૧૪૭ દેશોમાં કાર્યરત ૮,૫૦૦ કરતાં પણ વધારે સેવા કેન્દ્રો આજે વિશ્વશાંતિ દિવસ મનાવશે.

જે અંતર્ગત ગાંધીનગરમાં આવેલ સેક્ટર-૨૮, સેક્ટર-૨,સી, ચિલોડા અને ઉર્જાનગર ખાતે આવેલ સેવાકેન્દ્રો ખાતે સવારે ૬.૦૦ થી રાત્રે ૮.૦૦ સુધી અખંડ યોગાભ્યાસ ભઠ્ઠી રાખવામાં આવેલ છે. જેમાં સૌ બ્રહ્માકુમાર ભાઈ બહેનો ખાસ મૌનમાં રહી સમગ્ર વિશ્વમાં શાંતિના પ્રકંપનો ફેલાવશે અને આપસી ભાઈચારાનું આહવાહન કરશે. સેક્ટર-૨૮ સેવાકેન્દ્ર સંચાલિકા રાજયોગિની કેલાશદીદીજીએ પાટનગરની ધર્મપ્રેમી જનતાને આ દિવસે સવારે ૯ થી ૧૧ અને સાંજે ૫ થી ૭ દરમ્યાન ખાસ શાંતિનો અનુભવ કરવા સેવા કેન્દ્ર પર પધારવા ઈશ્વરીય નિમંત્રણ પાઠવેલ છે.

# પાટનગરમાં સુરક્ષા કર્મીઓના મકાનો પણ સુરક્ષીત નથી...!

## સેકટર-૨૭ પોલિસ હેડકવાર્ટરમાં રહેતા પીએસઆઈના મકાનમાંથી રૂ. ૧.૧૫ લાખની મત્તાની ચોરી થતા ખળભળાટ

ગાંધીનગર, તા.૧૭

રાજયના પાટનગરમાં ઘરફોડ ચોરીઓ તથા વાહનચોરીઓમાં ચોંકાવનારો વધારો થયો છે. ઘરફોડીયાઓને જાણે પોલિસનો સ્હેજ પણ ડર જ ન રહ્યો હોય તેમ સીસીટીવી કેમેરાથી સજ્જ સોસાયટીઓમાં ઘુસીને મકાનોના તાળા તો તોડે જ છે પરંતુ હવે તો સુરક્ષા કર્મીઓની જ વસાહત એટલે કે પોલિસ હેડ કવાર્ટરમાં ઘુસીને સુરક્ષા કર્મી પીએસઆઈના મકાનમાં ઘુસીને ચોરી કરી હોવાનું ધ્યાને આવ્યું છે. પાટનગરમાં હવે સુરક્ષા કર્મીઓના મકાનો પણ સુરક્ષીત ન હોવાનો સુર ઉઠવા પામ્યો છે. પીએસઆઈના પત્નિની ફરિયાદને આધારે સે-૨૧ પોલિસે રૂ. ૧.૧૫ લાખની મત્તાની ચોરી મામલે ગુનો નોંધી ઘટનાની તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨૭ ખાતે જયાં જિલ્લાના પોલિસ વડા બેસે છે અને સુરક્ષા કર્મીઓની જ આખી વસાહત છે તે એસઆરપી પોલિસ હેડ કવાર્ટર ખાતે રહેતા માઉન્ટેડ પીએસઆઈ ઘનશ્યામસિંહ ડાભી અમદાવાદ ગ્રામ્યમાં ફરજ બજાવે છે. વાસી ઉત્તરાયણના દિવસે તેઓ નોકરી ગયા હતા અને તેમની પત્નિ આનંદીબેન ઘરને તાળુ મારીને અમદાવાદ ખાતે સંબંધીને ત્યાં ગયા હતા. બપોરે પોણા બે થી સાંજે સાડા સાત વાગ્યાના અરસામાં તેમના બંધ મકાનને નિશાન બનાવી મકાનનું તાળુ ચાવી વડે ખોલીને તસ્કરો અંદર ઘુસ્યા અને અંદરથી સોનાના બે સેટ, એક લોકેટ, ૧૦ હજાર રોકડા મળી કુલ રૂ. ૧,૧૫,૦૦૦ની મત્તાની ચોરી કરી ઘરને ફરીથી તાળુ મારીને નાસી ગયા હતા. પીએસઆઈની પત્ની આનંદીબેનની ફરિયાદ આધારે સેકટર-૨૧ પોલિસે ચોરીનો ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે. આનંદીબેનના જણાવ્યા મુજબ તેમના ઘરની બે ચાવીઓ હતી એક ચાવી તેમની પાસે અને બીજી ચાવી તેમના પત્નિ પાસે રહેતી હતી. પતિ પાસે રહેતી ચાવી બે ત્રણ દિવસ પહેલા જ ચોરી થઈ જવા પામી હતી. સે-૨૧ પોલિસે ઘટનાની બારીકાઈથી તપાસ શરુ કરી છે.

## સ્નીફર ડૉગને ગુમરાહ કરવા ઘરફોડીયાઓની નવી ટ્રીક...!

### ઘરફોડ ચોરી કરીને પોતાના ચંપલ મુકી દઈ બીજાના ચંપલ પહેરીને ભાગી જાય છે

ગાંધીનગરમાં વિવિધ સોસાયટીઓમાં થયેલી ઘરફોડ ચોરીઓનો ભેદ ઉકેલવા પોલિસ સીસીટીવી કેમેરા અને ડૉગ સ્કવોર્ડ તથા ફિંગરપ્રિન્ટ નિષ્ણાતોની ખાસ મદદ લે છે. સીસીટીવી કેમેરામાં કેદ થતા ચોરોના ચહેરા વ્યવસ્થિત દેખાતા નથી. ફિંગરપ્રિન્ટ નિષ્ણાત ફિંગરપ્રિન્ટ લેવા આવે પણ કોઈ ખાસ પ્રિન્ટ મળતી નથી કેમ કે હાથમાં ગ્લોવ્ઝ પહેરીને મોટા ભાગના ચોરો આવતા હોવાનો અંદાજ છે. ફુટ પ્રિન્ટમાં ચોરોના ચંપલની ડિઝાઈન મળે છે પરંતુ આ ચંપલ જે મકાનમાં ચોરી થઈ હોય તેની બહારથી મળી જાય છે. અને બહાર પડેલા બીજા કોઈના ચંપલ પહેરીને ચોરો ભાગી જાય છે. મોટા ભાગની ઘરફોડમાં તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે ચોરો ચંપલ પણ બદલી નાંખે છે જેનું મુખ્ય કારણ સ્નિફર ડૉગને ગુમરાહ કરવાનું છે. ડૉગ સ્કવોર્ડ આવે એટલે સુંઘીને તે ચોરના ભાગવાની દિશા તરફ ડૉગ જાય છે તેનો મુળ આધાર ચોરના ચંપલ હોય છે. આ ચોરો ચોરી કરતી વખતે જે ચંપલ પહેર્યા હોય છે છે તે ચોરી કરીને બહાર નીકળ્યા બાદ ઉતારી નાંખે છે અને મકાનની બહાર પડેલા કોઈ પણ વ્યકિતના ચંપલ ઉઠાવીને જતો રહે છે. જેનાથી ચોરે જયાં ચંપલ બદલ્યા ત્યાં સુધી જ સ્નીફર ડૉગ પહોંચી શકે છે. હાઈટેક થયેલા ચોરોને પકડવા હવે પોલિસે પણ હાઈટેક થવાની જરુર હોય તેમ લાગી રહ્યું છે...!

## વાતવાતમાં

● કોઈ પણ પ્રોજેકટમાં કોન્ટ્રાકટરની લાપરવાહીથી થયેલ નુકશાન કે મૃત્યુ અંગે કોન્ટ્રાકટર વિરુધ્ધ ગુનો નોંધાવો જોઈએ પરંતુ ગાંધીનગરમાં બે કિસ્સામાં આવું બન્યું નથી તે ચર્ચાનો વિષય બન્યો છે. નવી સરકારની શપથવિધિનો સમિયાણો બાંધતા નીચે પટકાયેલા મજૂરના મોતના કેસમાં અને વાવોલના ફલેટમાં આગથી મૃત્યુ આંક ત્રણ સુધી પહોંચ્યાના કેસમાં બંને કિસ્સામાં કોન્ટ્રાકટરો દ્વારા સુરક્ષા બાબતે લાપરવાહી ઉડીને આંખે વળગે તેવી હોવા છતાં તેમની સામે ગુનો કેમ નોંધાયો નથી તો પ્રશ્ન જાણકારોને સતાવી રહ્યો છે.

## વડનગરા નાગર મંડળ દ્વારા જ્ઞાતિજનો માટે ફ્રી મેડીકલ કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૧૭

શ્રી વડનગરા નાગર મંડળ, ગાંધીનગર દ્વારા પગરવ હોસ્પિટલ અને આઈ.સી.યુ. સકેટર-૨૩ ગાંધીનગરના સહયોગથી જ્ઞાતિજનો માટે ફ્રી હેલ્થ ચેકઅપનું આયોજન તા.૨૮ ફ્રેબુઆરી ૨૦૧૮ સુધી કરવામાં આવ્યું છે. આ હેલ્થ ચેકઅપ કેમ્પમાં ફિઝીશીયન, જનરલ સર્જન, ગાયનેકોલોજીસ્ટ, પીડીયાટ્રીશિયન, ઈ.એન.ટી., ડેન્ટલ, ઓર્થોપેડીક અને ફિઝીયોથેરાપી સહિતના નિષ્ણાંતો દ્વારા નિદાન કરવામાં આવશે. આ હેલ્થ ચેકઅપ કેમ્પ શ્રી વડનગરા નાગર મંડળ ગાંધીનગરના સભ્યો માટે જ યોજાયો છે.

જે જ્ઞાતિજન આજીવન સભ્ય બન્યા ન હોય અને તેમ છતા હેલ્થ ચેકઅપનો લાભ લેવા માંગતા હોય તેઓએ પોતાના સેકટરના પ્રતિનિધીઓ અથવા ખજાનચી અભયભાઈ સ્વાદીયા ૯૪૨૮૯૧૦૫૦૦ ઉપર સંપર્ક કરી આજીવન સભ્ય બની શકે છે. હેલ્થ ચેકઅપ વિશેની વિસ્તૃત માહિતી મેળવવા જીશા દર્પણ બુચ મોબાઈલ નં ૯૯૭૯૨૫૭૧૬૦ અથવા જયંતભાઈ બુચ મો. ૯૪૨૭૪૦૦૭૮૦ ઉપર સંપર્ક કરવા મંડળના પ્રમુખ પ્રહર અંજારીયાએ જણાવ્યું છે.

## ગાંધીનગર જિલ્લા પેન્શનર્સ સમાજની કારોબારી બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જિલ્લાની પેન્શનર્સ સમાજની કારોબારી બેઠક ૮ જાન્યુઆરીના રોજ કે.બી. વ્યાસના પ્રમુખ પદે મળી હતી. આ બેઠકમાં મુખ્યમંત્રી નાયબ મુખ્યમંત્રીને શુભેચ્છા પાઠવવામાં આવી હતી સાથે રાજય અને જિલ્લા પેન્શનરોના મેડીકલ, મૃત્યુ પામનારને પુરું પેન્શન આપવું અને વિવિધ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. સાથે આગામી એપ્રિલ માસમાં જિલ્લા કક્ષાએ પેન્શનર્સ સમાજનું સ્નેહ મિલન અને જનરલ અધિવેશન યોજવાની ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં ગાંધીનગર જિલ્લા તેમજ કલોલ, દહેગામ, માણસા તાલુકાના કારોબારી સભ્યો હાજર રહ્યા હતા અને બેઠકના અંતે પ્રમુખ ભોળાભાઈ પટેલ-માણસા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

## મકરસક્રાંતિ પર્વે વનવિહારીની ભેટ



ગાંધીનગરના જાણીતા સાહિત્યકાર નટવર હેડાઉ 'વનવિહારી' જેઓ કવિ, લેખક, નવલકથાકાર તથા કટારલેખક છે તેમણે મુકિતધામ ખાતેની લાયબ્રેરીને સ્વલિખિત પુસ્તકોની ભેટ આપી છે. મકરસક્રાંતિના પાવનપર્વે આપેલી આ ભેટ મુકિતધામ લાયબ્રેરીના યુવા વાચકો માટે ઉપયોગી થશે. આ પ્રસંગે સાહિત્યકાર મહેન્દ્રભાઈ રાઠોડ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## કવિ દીપક પંડ્યાના 'અભિપ્સા' કાર્ય સંગ્રહનું વિમોચન

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના સેક્ટર-૨૩માં અરવિંદ કેન્દ્ર ખાતે ઉત્તરાયણ પર્વની પૂર્વ સંધ્યાએ કવિ-સાધક દીપક પંડ્યા રચિત અછાંદસ કવિતા સંગ્રહ 'અભીપ્સા'નું માતૃ ચરણે અર્પણ પર્વ ઉજવાયું હતું. આ પ્રસગે જાણીતા શિક્ષણવિદ તથા અરવિંદ દર્શનના સાધક જ્યોતિબેન થાનકી તથા જાણીતા સાહિત્યકાર તથા ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપપ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

'અભીપ્સા' અર્પણ સમારોહમાં દિવ્ય સંગીત અને દિવ્ય કવિતાની પ્રસ્તુતિએ સમગ્ર સંધ્યાને રમણીય બનાવી હતી. આ પ્રસંગે કવિ રાજેન્દ્રભાઈ પટેલે 'અભીપ્સા' કાવ્યસંગ્રહની કવિતાઓનો રસાસ્વાદ કરાવ્યો હતો. જયોતિબેન થાનકીએ અભીપ્સા સંગ્રહની પશ્ચાદભૂમિકામાં રહેલા અરવિંદ દર્શનનો પરિચય કરાવ્યો હતો. આ પ્રસંગે ગુજરાતી ભાષા-સાહિત્યના જાણીતા સર્જકો દલપત પઢિયાર, હરિકૃષ્ણ પાઠક, ગાંધીનગર સાહિત્યસભાના પ્રમુખ નટવર હેડાઉ સહિત મોટી સંખ્યામાં કવિઓ, કવિતાપ્રેમીઓ તથા અરવિંદદર્શન પ્રેમી સાધકો ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમના પ્રારંભે શાસ્ત્રીય સંગીત કલાગુરૂ પિનાકીનભાઈ રાવલે કવિ સુંદરમની રચનાઓની સંગીતમય પ્રસ્તુતિ કરી હતી. અરવિંદ કેન્દ્રના પ્રમુખ સી.કે. તન્નાએ કેન્દ્ર ખાતે ચાલતી પ્રવૃત્તિઓનો પરિચય આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ દીપક પંડ્યાએ કર્યું હતું.




## ચિરવિદાય

- સ્વ. શકરીબેન વિસાજી સોલંકી, ઉ.વ. ૧૦૧
- સ્વ. બબુબેન સરતાનભાઈ રબારી, ઉ.વ. ૯૦
- સ્વ. રૂક્ષ્મણીબેન માયદોપલ ગુરૂબક્ષાણી, ઉ.વ. ૭૮
- સ્વ. ચોથીબેન નારણભાઈ ભરવાડ, ઉ.વ. ૮૦